**ભાવનગરની શ્રમ અદાલત નં.૨ ના ન્યાયાધીશ (એસ.ડી.)તથા**
**અધિક ચીફ જ્યુડી.મેજી.ની અદાલત,ભાવનગર.**

ફોજદારી કેસ નં.૦૫ / ૨૦૨૦

શ્રી પી.જી.ચાવડા,
સરકારી શ્રમ અધિકારી અને
લઘુત્તમ વેતન ધારા હેઠળના નિરીક્ષક,
મદદનીશ શ્રમ આયુક્તની કચેરી,
બાર્ટન લાઈબ્રેરરી સામે, દિવાનપરા રોડ,
સપ્તકલા બિલ્ડીંગ, બીજો માળ,
ભાવનગર. ......ફરીયાદી

વિરૂધ્ધ

(૧) ગુરૂકૃપા સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ- સંસ્થા,
પ્લોટ નં.૪૦૨, રેવન્યુ સર્વે નં.૨૭૦,
જી.આઈ.ડી.સી. નં.૧ શિહોર,
જી.ભાવનગર.

(૨) શ્રી જયેશભાઈ માસાભાઈ બારૈયા- માલિક,
પ્લોટ નં.૪૦૨, રેવન્યુ સર્વે નં.૨૭૦,
જી.આઈ.ડી.સી. નં.૧ શિહોર,
જી.ભાવનગર.

......તહોમતદાર

ગુન્હોઃ લઘુત્તમ વેતન અધિનિયમ-૧૯૪૮ ના નિયમોના ભંગ સબબ ફરીયાદ

આરોપી તરફે : વિ.વ.શ્રી ટી.એન.વસોયા.

**-:: ચુકાદો ::-**

(૧) ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી એ લઘુત્તમ વેતન ધારા નિરીક્ષકે તહોમતદાર સંસ્થાનું તા.૨૩ / ૧૦ / ૨૦૧૯ ના રોજ નિરીક્ષણ કરતા લઘુતમ વેતન અધિનિયમ ૧૯૪૮ અને ગુજરાત લઘુતમ વેતન નિયમો,૧૯૬૧ અન્વયે કલમ ૧૮ સાથે વાંચતા નિયમ ૨૬(ડી), ૨૬ (બી) (૧), અને ૨૬ (૨) નું ઉલ્લંઘન કરેલ હોવાનું ખુલવા પામેલ. તહોમતદાર સંસ્થા, ઉપરોક્ત નિયમોના ભંગ સબબ લઘુતમ વેતન અધિનિયમ ૧૯૪૮ ની કલમ ૨૨(એ) સબબ શીક્ષાને પાત્ર ગુન્હો આચરેલ હોવા સબબ ફોજદારી ફરીયાદ રજુ કરેલ, જે ફરીયાદ ફોજદારી કેસ રજીસ્ટરે ઉપરોક્ત નંબરથી નોંધાયેલ છે.

(૨) તહોમતદારને સમન્સ ઈસ્યુ કરવામાં આવતા તહોમતદારો જાતે તેમના વકીલશ્રી સાથે ઉપસ્થિત થયેલ છે અને ગુન્હા કબુલાત પુરસીસ રજુ કરેલ છે. સજાની જોગવાઈની સમજ આપ્યા બાદ પણ ગુન્હા કબુલાતને તહોમતદાર વળગી રહેલ છે, બાદ તેમનું નિવેદન નોંધવામાં આવતાં સદરહુ નિવેદનમાં પણ ગુન્હાની કબુલાત કરેલ છે.

(૩) ગુન્હા કબુલાત પુરસીસમા તહોમતદારનો આ પ્રથમ ગુન્હો છે અને ભવિષ્યમાં આવો ગુન્હો નહીં થાય તેની ખાતરી આપી, રહેમ રાખી ન્યુનત્તમ શિક્ષા કરવા વિનંતી કરેલ છે. આ ગુન્હા કબુલાત

સ્વૈચ્છીક રીતે કરવામાં આવેલ હોવાની ખાતરી કરવામાં આવેલ છે.

(૪) ઉપરોક્ત રજુઆત, ફરીયાદની હકીકત અને સંજોગો, તહોમતદારો વિરૂધ્ધના આક્ષેપો લક્ષ્ય પર લઈ તેમજ સ્વૈચ્છીક ગુન્હા કબુલાત લક્ષ્ય પર લેતાં અને નામદારશ્રી ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર(૨૦૦૫(૧) જી.એલ.આર.૭૦૯) નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષ્યમાં લેતાં તહોમતદાર તરફેની કબુલાત પુરસીસ નજરે હાથ પરના કિસ્સામાં માત્ર દંડ ભરપાઇ કરવાની સજા ફરમાવી ન્યાયોચીત જણાતું હોઈ નીચે મુજબ આખરી હુકમ ન્યાયના હિતમાં ફરમાવવામાં આવે છે.

## <u>હુકમ</u>

(૧) ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૨૫૨ ની જોગવાઈ અન્વયે દરેક તહોમતદાર ને લઘુતમ વેતન અધિનિયમ ૧૯૪૮ અને ગુજરાત લઘુતમ વેતન નિયમો,૧૯૬૧ અન્વયે કલમ ૧૮ સાથે વાંચતા નિયમ ૨૬(ડી), ૨૬ (બી) (૧), અને ૨૬ (૨) નિયમના ભંગ સબબ લઘુતમ વેતન અધિનિયમ,૧૯૪૮ ની કલમ ૨૨(એ) સબબ તકસીરવાન ઠરાવી, દરેક તહોમતદારોને રૂા.૨૦૦૦ × ૩ = ૬,૦૦૦/-(અંકે છ હજાર પુરા) તેમ ઉપરોક્ત ત્રણેય તહોમતદારને મળી કુલ **દંડ રૂા.૧૨,૦૦૦/-**

**(અંકે બાર હજાર પુરા)** ભરપાઈ કરવાનો હુકમ ફરમાવવામાં આવે છે. ઉપરોક્ત હુકમ મુજબ દંડની ભરપાઈ કરવામાં કસુર થયેથી તહોમતદાર ને દિવસ–૩૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

સદર હુકમ આજરોજ તા.૧૪/૦૩/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સ્પેશિયલ સિટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪ / ૦૩ / ૨૦૨૬<br>
સ્પેશિયલ સીટીંગ<br>
શ્રમ અદાલત,ભાવનગર

(નિતીનકુમાર અમૃતલાલ બ્રહ્મભટ્ટ)<br>
અધિક ચીફ જ્યુડી.મેજી.<br>
શ્રમ અદાલત નં.૨,ભાવનગર.<br>
જીજે–૦૧૧૭૦

એન.ડી.ચૌહાણ(પી.એ.)